| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૩–૦૮–૨૦૨૩ |
| નોંધણી તારીખ | ૦૩–૦૮–૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૨૨–૧૦–૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ....માસ..... દિવસ... |

# મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ. અમદાવાદ શહેર.

| **ફોજદારી કેસ નંબર** | **૭૩૭૫૭/ ૨૦૨૩** |
|---|---|
| **આંક** | **૧૪** |

**<u>ફરીયાદી</u>** :– શ્રી સરકાર

(મુળ ફરીયાદી– મીનાબેન લક્ષ્મીકાંતભાઈ પરમાર)

**<u>વિ રૂ ધ્ધ</u>**

**<u>આરોપીઓ</u>** :–

(૧) કિશોરભાઈ મોહનભાઈ પરમાર, ઉ.વ.આ.૬૬,

(૨) તરૂણભાઈ કિશોરભાઈ પરમાર, ઉ.વ.આ.૩૧,

(૩) રાજેશભાઈ કમાભાઈ સોલંકી, ઉ.વ.આ.૩૮,

(૪) રેખાબેન રાજેશભાઈ સોલંકી, ઉ.વ.આ.૪૨,

તમામ રહે. માકુભાઈના છાપરા ગેટ નં.૧, ગિરધરનગર બ્રીજ પાસે, ગિરધરનગર, શાહીબાગ, અમદાવાદ.

**<u>એ ડ વો કે ટ સ</u>** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી એમ. એસ. સેંદર

આરોપીઓ પક્ષે વિ.વ.શ્રી જે. વી. બઢીયા

**ગુનો :– ઈ.પી.કોડની કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૪૨૭, ૧૧૪ મુજબ.**

**'' જ જ મે ન્ટ ''**

(૧) આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૪૨૭, ૧૧૪ મુજબના ગુનાનું તહોમત છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી તથા ફરીયાદીના પતિ પોતાના ઘર આગળ હાજર હતા ત્યારે તા.૨૦/૧૧/૨૦૨૨ ના સાંજના સવા સાત વાગ્યાના સુમારે તેઓની પાડોશમાં રહેતા આરોપી નં.૧ ના ભાણીયા દેવ નાઓએ બે દિવસ પહેલા ફરીયાદીના ઘર આગળ ફટાકડા ફોડેલ તે બાબતે ફરીયાદીના પતિએ આરોપી નં.૧ ને તેમના ભાણીયા દેવને પોતાના ઘર આગળ ફટાકડા નહી ફોડવાનું કહેતાં આરોપી નં.૧ ફરીયાદીના પતિ ઉપર એકદમ ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ બીભત્સ ગાળો આપવા લાગેલ, જેથી ફરીયાદીના પતિએ ગાળો નહી આપવાનું કહેતાં આરોપી નં.૧ ફરીયાદીના પતિ સાથે ઝપાઝપી કરવા લાગેલા અને શરીરે ગડદા ફેટોનો માર મારવા લાગેલા. આ દરમ્યાન આરોપી નં.૨,૩,૪ નાઓ આવી ફરીયાદીના પતિને જેમ ફાવે તેમ બીભત્સ ગાળો આપી બોલાચાલી ઝઘડો કરી ગડદા ફેટોનો માર મારવા લાગેલા, જેથી ફરીયાદી તથા ફરીયાદીનો દિકરો કુલદીપ બંને આ કામના સાહેદ લક્ષ્મીકાંતભાઈને છોડાવવા માટે વચ્ચે પડતા ફરીયાદીને ચારેય આરોપીઓએ ભેગા થઈ જેમ ફાવે તેમ બીભત્સ ગાળો આપવા લાગેલ અને ફરીયાદી તથા ફરીયાદીના દિકરા કુલદીપને શરીરે ગડદા ફેટોનો માર મારવા લાગેલા અને ફરીયાદીને મારા મારી દરમ્યાન શરીરે ગરદનના પાછળના ભાગે બેઠો માર વાગતા ઈજા થયેલ અને ઉપરોકત ચારેય જણા ભેગા થઈ ફરીયાદીનું સેમસંગ કંપનીનું એલ.ઈ.ડી. ટીવી તોડી નાંખી રૂા.૮૦૦૦/– નું નુકસાન કરી ફરીયાદી તથા તેના પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારીમાં ગુનો કરેલો. તે મુજબ ફરીયાદીએ પોલીસ સમક્ષ ફરીયાદ લખાવતાં શાહીબાગ પો. સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૨૧૦૧૭/૨૦૨૨ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરાવો જણાતાં આરોપીઓને અટક કરી, આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ ના ગુના બાબત

ચાર્જશીટ કરેલ છે.

(૩) આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે અને તે મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીઓ સામેના ગુનાના આંક–૩ ના તહોમતનામાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીઓનું પ્રાથમીક નિવેદન આંક–૦૪, ૦૫, ૦૬, ૦૭ થી લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે. ફરીયાદપક્ષનો પુરાવો શરૂ થતાં પહેલા આ કામના પક્ષકારોએ આંક–૦૮ થી સમાધાન પુરસીસ રજુ કરેલી છે. જે સમાધાન પુરસીસ પક્ષકારોને તેમના વકીલશ્રીઓની હાજરીમાં વાંચી, સંભળાવતા પક્ષકારોએ તે મુજબનું સમાધાન કોઈપણ ધાકધમકી કે દબાણ વગર સ્વેચ્છાપૂર્વકનું હોવાનું જણાતાં આરોપીઓને ઈ.પી.કો.કલમ ૩૨૩,૪૨૭, સાથે વાંચતાં ૧૧૪ મુજબના ગુનાના તહોમત માંથી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦(૧)(૨)(૮) મુજબ નિર્દોષ ઠરાવી અન્ય સમાધાન લાયક ન હોય તેવા ગુનાની કાર્યવાહી સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **ક્રમ** | **મૌખિક પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી મીનાબેન લક્ષ્મીકાંત પરમારની જુબાની | ૦૯ |
| ૨ | સાહેદ લક્ષ્મીકાંતભાઈ મફતભાઈ પરમારની જુબાની | ૧૧ |

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૩ | કલોઝીંગ પુરસીસ | ૧૩ |

(૫) ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૩ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવતાં ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષના પુરાવાના અંતે આરોપીઓની વિરૂધ્ધ કહી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આરોપીઓએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલી છે.

(૬) કેસની હકીકતો, ફરીયાદપક્ષનો પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

## ''મુદ્દા''

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિ:શંક રીતે પુરવાર કરે છે કે, બનાવના દિવસે, સમયે અને સ્થળે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને બીભત્સ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારીમાં ઈ.પી.કોડની કલમ ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

## :: કા ર ણો ::

**<u>મુદ્દા નંબર:–૧</u>**

(૯) ક્રિમીનલ ટ્રાયલનો મુળભુત સિધ્ધાંત એ છે કે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવાનો રહે છે. આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા આંક–૦૯ થી ફરીયાદી મીનાબેન લક્ષ્મીકાંત પરમારનો સોગંદ ઉપરનો પુરાવો રજુ કરેલો છે જેમાં તેઓએ જણાવેલું છે કે, તા.૨૦/૧૧/૨૦૨૨ ના રોજ ફરીયાદી અને તેણીના પતિ તેમના ઘર આગળ હાજર હતા ત્યારે સાંજના ૦૭–૧૫ કલાકના સુમારે તેમની પડોશમાં રહેતા કિશોરભાઈના ભાણીયા દેવ નાઓએ તેમના ઘર આગળ ફટાકડા ફોડેલ તે બાબતે તેણીના પતિએ તેમના પાડોશી કિશોરભાઈને તેમના ઘર આગળ ફટાકડા નહી ફોડવાનું કહેતાં કિશોરભાઈ તેણીના પતિ પર ઉશ્કેરાઈ જઈ બીભત્સ ગાળો બોલવા લાગેલા. તેણીના પતિને કોઈએ બીભત્સ ગાળો બોલેલ હોય કે તેઓની સાથે કોઈએ ઝપાઝપી કરી ગડદાપાટુનો માર મારેલ હોય તેમ બનેલ નથી, પરંતુ સામાન્ય બોલાચાલી થતાં પોલીસ ફરીયાદ આપેલી, તેમ જણાવી રજુ થયેલ આંક–૧૦ ની ફરીયાદ ઉપર પોતાની સહી ઓળખી બતાવેલ છે. ફરીયાદી, ફરીયાદ હકીકતને સમર્થન આપતાં ન હોવાથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવતાં વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદની હકીકતોએ સૂચક પ્રશ્નો કરેલા છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૧ થી સાહેદ લક્ષ્મીકાંતભાઈ મફતલાલ પરમારનાઓને સોગંદ ઉપર તપાસામાં આવતાં તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન આપેલ ન હોય ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવતાં વિ.એ.પી.પી. શ્રીએ નિવેદનની હકીકતોએ સુચક પ્રરૂનો કરેલા છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. જયારે બચાવપક્ષ ધ્વારા કરેલ ઉલટતપાસમાં ફરીયાદી તથા સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો છે કે તેઓને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ પ્રસ્તૂત પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે, આ કામના ફરીયાદીએ તેની જુબાનીમાં તા.૨૦/૧૧/૨૦૨૨ ના રોજ ફરીયાદી

અને તેણીના પતિ તેમના ઘર આગળ હાજર હતા ત્યારે સાંજના ૦૭–૧૫ કલાકના સુમારે તેમની પડોશમાં રહેતા કિશોરભાઈના ભાણીયા દેવ નાઓએ તેમના ઘર આગળ ફટાકડા ફોડેલ તે બાબતે તેણીના પતિએ તેમના પાડોશી કિશોરભાઈને તેમના ઘર આગળ ફટાકડા નહી ફોડવાનું કહેતાં કિશોરભાઈતેણીના પતિ પર ઉશ્કેરાઈ જઈ બીભત્સ ગાળો બોલવા લાગેલા, જે બનાવની ફરીયાદ આપેલ હોવાની હકીકત જણાવેલી છે. આમ, ફરીયાદીની જુબાની પરથી તેણીને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોય હાલના આરોપીઓએ સ્વેચ્છાપૂર્વક ફરીયાદી કે સાહેદને વ્યથા પહોંચાડેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં ફરીયાદીની જુબાની પરથી આરોપીઓએ ફરીયાદીને બીભત્સ ગંદી ગાળો બોલેલ હોય તે અસલ શબ્દો પણ રેકર્ડ પર આવેલ ન હોય ગાળો આપેલ હોવાની હકીકત પણ પુરવાર થતી નથી. વધુમાં આરોપીઓએ ફરીયાદીને ગુનાહિત ધમકી આપેલ હોય અને તેના કારણસર તેઓ તેમની રોજીંદી કાર્યવાહી કરવામાં અશકિતમાન થયેલા હોય કે તેઓના મનમાં સતત ભયની ઘંટી બજતી હોય તેવી પણ કોઈ હકીકત ફરીયાદીના પુરાવાથી રેકર્ડ પર આવેલ ન હોઈ આરોપીઓએ ગુનાહીત ધમકી આપેલ હોવાની હકીકત પણ પુરવાર થતી નથી. વધુમાં ફરીયાદીની એલઈડી ટીવી તોડી નાંખી નુકસાન કરેલ હોવાની હકીકત પણ ફરીયાદીના પુરાવાથી પુરવાર થતી નથી. ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ ફરીયાદી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા હોય તે કારણે ગુનાવાળી જગ્યાનું પંચનામું સાબીત થતું નથી. વધુમાં આરોપીઓએ બનાવ સમયે ફરીયાદીને ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલા ઉપરોકતપુરાવા પર આધાર રાખી આરોપીઓને તકશીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી ફરીયાદપક્ષ આક્ષેપીત હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૧૨) ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને કેસમાં રજુ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી એકબીજા સાથે મળી પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઈએ. નામદાર ગુજરાતની વડી અદાલતનો ચુકાદો કે જે ૨૦૦૭(૨) જી.એલ.એચ.૨૧૬ માં પ્રદર્શીત થયેલ છે તેમાં ઠરાવ્યા મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આમ, ફરીયાદપક્ષ

તરફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો વંચાણે લેતાં, એ હકીકત ચોકકસ પુરાવામાં રેકર્ડ પર આવેલ છે કે આ કામે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદે આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે જોડતો કોઈપણ પ્રકારનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આમ ઉપરોકત સમગ્ર ચર્ચાએ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂઘ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદૃા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદૃા નં. ૨ બાબત નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## '' આ ખ રી હુ ક મ ''

**(૧)** ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૨૦(૧)(૨)(૮) મુજબ આરોપી નં.(૧) કિશોરભાઈ મોહનભાઈ પરમાર, ઉ.વ.આ.૬૬, આરોપી નં.(૨) તરૂણભાઈ કિશોરભાઈ પરમાર, ઉ.વ.આ.૩૧, આરોપી નં.(૩) રાજેશભાઈ કમાભાઈ સોલંકી, ઉ.વ.આ.૩૮ તથા આરોપી નં.(૪) રેખાબેન રાજેશભાઈ સોલંકી, ઉ.વ.આ.૪૨, તમામ રહે. માકુભાઈના છાપરા ગેટ નં.૧, ગિરધરનગર બ્રીજ પાસે, ગિરધરનગર, શાહીબાગ, અમદાવાદ નાઓને ઈ.પી.કો.ક.૩૨૩, ૪૨૭ ,૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ છોડી મુકવામાં આવેલ છે. જયારે ઉપરોકત આરોપીઓને ક્રીમીનલ પ્રોસી.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** આરોપીઓએ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કો.ક.૪૩૭(એ) મુજબ રૂા.૫૦૦૦/– ના જાતમુચરકા અને જામીનખત રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ –૨૨ માહે ઓકટોબર સને : ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

તારીખ :– ૨૨–૧૦–૨૦૨૪.
અમદાવાદ.

**( એ. એન. વોરા )**
**ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**
**યુનિક કોડ નં. જીજે–૦૦૮૪૯.**